# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-03-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કચ્છમાં પીએનજી ગેસ પાઈપલાઈન:

**સરકાર દ્વારા પ્રદૂષણ મુક્ત ઈંધણને પ્રોત્સાહન આપવા માટે એલપીજીના બદલે પીએનજી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ત્યારે હવે ભુજ અને મુન્દ્રા બાદ માંડવી શહેરમાં પણ પીએનજી મારફતે ગેસ પહોચાડવાની કામગીરી વેગવંતી બની છે.**

**ગુજરાત ગેસ કંપનીના સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ માંડવીમાં પીએનજી પહોચાડવા માટે સર્વેની કામગીરી પૂર્ણ થઇ ગઈ છે. વિવિધ મંજુરીઓની પ્રક્રિયા પૂર્ણ થતા જ માંડવી શહેરમાં પણ પીએનજી ગેસ માટે પાઈપલાઈન બિછાવવાની કામગીરી શરૂ થઇ જશે. આગામી સમયમાં માંડવીની સાથે ભુજ તાલુકાના માધાપર અને પધ્ધર જેવા ગામોમાં પણ પીએનજીનું વિસ્તરણ થવાનું છે.**

**ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી ભુજ અને મુન્દ્રાના 17,200 જેટલા ઘરોમાં પીઅનેજી લાઈન મારફતે ગેસ પહોંચી રહ્યો છે. એલપીજી સિલિન્ડરની સરખામણીએ પીએનજી ગેસ સુરક્ષિત અને સસ્તો પડે છે. તેમજ PNG માં 24 કલાક સતત ગેસ પુરવઠો મળતો હોવાથી ગૃહિણીઓને સિલિન્ડર બુક કરાવવામાંથી મળે છે.**

**---------------------------------------------------------------------------------------------------**

## 'પોષણ સંગમ' સમીક્ષા બેઠક:

**જિલ્લામાં કુપોષણ મુક્ત અભિયાનને વેગ આપવા ભુજ ખાતે પોષણ સંગમ સમીક્ષા બેઠક અને વર્કશોપ યોજાયો હતો જેમાં ICDS અને આરોગ્ય વિભાગના અધિકારીઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ઝુંબેશના પગલે કચ્છમાં બાળકોના પોષણ સ્તરમાં સકારાત્મક સુધારો જોવા મળ્યો છે તેમ આ પ્રસંગે જણાવાયું હતું.**

જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ આરોગ્ય અને **ICDS** વિભાગ વચ્ચેના સંકલન પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, જો બંને વિભાગો સાથે મળીને કામ કરશે તો બાળકોના સ્વાસ્થ્ય અને પોષણમાં કાયમી સુધારો લાવી શકાશે. તેમણે ઉપસ્થિત અધિકારીઓને પાયાના સ્તરે સઘન કામગીરી કરવા માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ માત્ર બાળકો જ નહીં, પરંતુ સગર્ભા, ધાત્રી માતાઓ અને ૦ થી ૧૮ વર્ષના તમામ બાળકોના આરોગ્યમાં સુધારો લાવવા માટેના જરૂરી પગલાંઓ અંગે સૂચન કર્યા હતા.

---

## કમોસમી વરસાદ:

છેલ્લા એક સપ્તાહથી કચ્છના વાતાવરણમાં આવેલા પલ્ટાથી  ખેડૂતો ચિંતામાં હતા તેવામાં  ભુજ અને અંજારના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક આવેલા ભારે પવન અને કરા સાથેના વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે.

ગઈ **19** મી માર્ચે થયેલા ભારે માવઠા બાદ છેલ્લા ત્રણ દિવસમાં ફરી બે વખત વરસેલા વરસાદે ખેતીના પાકને નુકસાન પહોંચાડ્યું છે.

ભુજ તાલુકાના માધાપર, ભુજોડી, કુકમા અને કાળી તલાવડી જેવા વિસ્તારોમાં પવન સાથે કરા પડવાને કારણે ઉભા પાકને વ્યાપક નુકસાનીની સંભવના છે. માત્ર ભુજ જ નહીં, પરંતુ અંજાર તાલુકાના ખોખરા, અંબાપર, સતાપર અને લાખાપર જેવા ગામોમાં પણ કરા સાથે વરસાદ પડ્યો હતો.

ખેતીના પાક હવે લણણીના આરે હતા, ત્યારે જ આ ગામોમાં ભારે પવન અને કરા સાથે ઝાપટા થતા ઘઉં, રાયડો, ધાણા, જીરું, વરિયાળી અને ઈસબગુલ જેવા પાકોમાં વ્યાપક નુકસાન થયું છે.

દરમ્યાન, હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, આગામી **29** અને **30** માર્ચે કચ્છ સહિત ઉત્તર ગુજરાતના વિવિધ ભાગોમાં ફરી માવઠું થવાની શક્યતા છે.

---

## પાક નુકસાનની વળતરની માંગ:

ભુજ તાલુકામાં થયેલા કમોસમી વરસાદ અને જોરદાર પવનના કારણે ખેતીના પાકને થયેલા વ્યાપક નુકશાનને ધ્યાને લઈને ભારતીય કિસાન સંઘ ભુજ તાલુકા દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તાલુકા વહીવટી તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

નુકશાની પામેલા પાકોનો સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરવા, ખેડૂતોને યોગ્ય અને વહેલી તકે વળતર ચૂકવવા માટે નક્કર નિર્ણય લેવાની  માંગ કિસાન સંઘ દ્વારા કરવામાં આવી છે.

---

## ચૈત્રી નવરાત્રી:

પ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢમાં ચાલી રહેલ પરંપરાગત ચૈત્રી નવરાત્રી પર્વના સાતમા નોરતે ગઈકાલે રાત્રે હોમ હવનની ધાર્મિક વિધી સાથે મોડી રાત્રે મઢ જાગીર અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવાના હસ્તે બીડું હોમવામાં આવ્યું હતું.

---

## ભુજ નગરપાલિકા:

ભુજ નગરપાલિકા દ્વારા જન્મ, મરણ અને લગ્ન નોંધણીની કામગીરીની ગતિ ધીમી પડી હોવાની રાવ ઉઠી રહી છે.

મળતી માહિતી મુજબ, નગરપાલિકામાં ‘જન્મ-મરણ અને લગ્ન નોંધણી શાખા’ કાર્યરત હોવા છતાં, વ્યવસ્થાપનના અભાવને કારણે નાગરિકોને સમયસર સેવા મળતી ન હોવાની અને કામગીરી અટકી રહેતી હોવાનું જાણવા મળે છે.  જન્મ, મરણ અને લગ્ન નોંધણી આજના સમયમાં અત્યંત મહત્વના દસ્તાવેજો બની ગયા હોવાથી નાગરિકોને સમયસર સેવા મળે તે માટે કામગીરીમાં ઝડપ લાવવા અને યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની માંગ અરજદારો દ્વારા કરવામાં આવી રહી છે.

---

## કચ્છ લિટરેચર ફેસ્ટિવલ:

યુથ ઉપનિષદ અને ભારતીય વિકાસ મંચના સંયુક્ત ઉપક્રમે ગાંધીધામ ખાતે બે દિવસીય ત્રીજા 'કચ્છ લિટરેચર ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવે સ્થાનિક કલા-સાહિત્ય પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જગાડ્યો હતો.

ફેસ્ટિવલના પ્રથમ દિવસે ગાંધીધામના લેખિકા એકતા અમિત વ્યાસના વાર્તા સંગ્રહ 'ફિર મત આના યહાં'નું વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તક વિમોચન બાદ યોજાયેલા કાર્યક્રમ 'કહાની સુનાઓ'માં વિવિધ વાર્તાઓનું પઠન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતી સાહિત્ય અકાદમીનાં પ્રમુખ ભાગ્યેશ જહાનું 'યુવા કલમ નવી દિશા અને રાષ્ટ્રીય વિચાર" વિષય પર વિચાર ગોષ્ઠીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

---

## જી.કે.જનરલ હોસ્પિટલ-વ્યાખ્યન માળા:

ભુજની અદાણી સંચાલિત **GAIMS** જી. કે. જનરલ હોસ્પિટલના જનરલ સર્જરી વિભાગ દ્વારા પગમાં સુજેલી ભૂરા રંગની નસો અને નસોમાં રક્ત સંચારના રોગો ઉપર સર્જન્સની કાર્ય પ્રણાલી વધુ પ્રભાવશાળી બને એ માટે વ્યાખ્યાન માળા યોજાઈ હતી.

જેમાં રેડિયો ઇમેજ દ્વારા સચોટ નિદાન અને ઉપચાર તેમજ લેસર પધ્ધતિથી કરાતા ઓપરેશન અંગે જીવંત નિદર્શન કરી નિવાસી તબીબોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---